મુંબઈ સમાચાર

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર | રાજીવ પંડિત

rajeev.pandit@bombaysamachar.com

# એચ-૧ બીના નવા નિયમોઃ ટ્રમ્પે જતાં જતાં પણ મેથી મારી

આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદીની જીભ જેમને પોતાના ખાસ દોસ્તાર ગણાવતાં સુકાતી નહોતી એવા અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ચાર વર્ષમાં આપણી મેથી મારવામાં કોઈ કસર છોડી નથી. ઈમિગ્રેશનથી ઈરાન સુધીના મુદ્દે ટ્રમ્પે આપણી બરાબર બજાવી ને હવે તેમના દાડા ભરાઈ ગયા છે ત્યારે જતાં જતાં એચ-વન બી વિઝાના નવા નિયમો બનાવીને એ ભારતની મેથી મારતા ગયા છે. ટ્રમ્પે કોરોના કાળમાં જૂન મહિનામાં અમેરિકાની સરકાર દ્વારા અપાતા એચ-વન બી વિઝા આપવાનું હાલ પૂરતું મોકૂફ રાખવાની જાહેરાત કરેલી. ટ્રમ્પે એલાન કરેલું કે, ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦ લગી અમેરિકા નવા એચ-વન બી વિઝા નહીં આપે કે જેમના પૂરા થતા હશે તેમના વિઝા રીન્યુ પણ નહીં કરે. ટ્રમ્પે એચ-વન બીની સાથે સાથે એચ-૨ બી, એલ અને જે કેટેગરીના વિઝા પણ ૩૧ ડીસેમ્બર, ૨૦૨૦ લગી નહીં આપવાનું એલાન કર્યું હતું.

ટ્રમ્પની જાહેરાત પ્રમાણે ડિસેમ્બરના અંત લગી અમેરિકાએ નવા એચ-વન બી વિઝા આપ્યા નહીં કે રીન્યું પણ ના કર્યા. હવે આ મુદત પૂરી થઈ છે એટલે ટ્રમ્પે નવી નીતિ જાહેર કરી છે ને તેમાં આપણા યુવાનોને બરાબરનો બૂચ વાગી જાય એવા નિયમો બનાવાયા છે. આ નવા નિયમો પ્રમાણે ટ્રમ્પે એચ-વન બી વિઝા માટેની પહેલાની લોટરી સિસ્ટમ નાબૂદ કરી નાખી છે ને તેના બદલે વેજ એટલે કે મહેનતાણાને મહત્ત્વ આપીને વિઝા આપવાનો નિયમ બનાવ્યો છે. અમેરિકાના ડિપોર્ટમેન્ટ ઓફ લેબર દ્વારા બહાર પડાયેલા નવા નિયમો પ્રમાણે જેમના પગાર ઊંચા હશે એવા સ્કીલ્ડ પ્રોફેશનલ્સને પ્રાયોરિટી અપાશે. મતલબ કે સૌથી પહેલાં તેમને એચ-વન બી વિઝા મળશે. નવા નિયમોમાં જે લોકો હાલમાં એચ-વન બી વિઝા પર યુ.એસ.માં કામ કરી રહ્યા છે કે પછી એમ્પ્લોયમેન્ટના આધારે ગ્રીન કાર્ડ્સ મળ્યાં છે એવા લોકોને પણ પહેલી તક મળશે.

અમેરિકામાં એચ-વન બી સહિતના વિઝા આપવા માટે ઓક્યુપેશનલ એમ્પ્લોયમેન્ટ સ્ટેટિસ્ટિક્સ (એઈએસ)ના ડેટાનો ઉપયોગ કરે છે. આ ડેટામાં પર્સેન્ટાઈલ સહિતની જાત જાતની ટેક્નિકલ બાબતો છે. એ બધી વાતોનું પિષ્ટપિંજણ કરીએ તો માથું દુઃખવા માંડે તેથી આપણે એ બધી વાતોમાં નથી પડતા પણ આ નવા નિયમોનો સાર એ છે કે જેમનો પગાર વધારે હશે તેમને એચ-વન બી પહેલાં મળશે.

અમેરિકાને પોતાનું અર્થતંત્ર મલાવાવ માટે મોટા પ્રમાણમાં વર્કર્સ ને સ્કીલ્ડ વર્કર્સની જરૂર પડે છે. આ સારા શબ્દો છે પણ સાદી ભાષામાં કહીએ તો આ બધા મજૂરો છે કે જે મહેનત કરીને અમેરિકાને ધૂમ કમાણી કરે છે. અમેરિકા આ મજૂરોની જરૂરિયાત પ્રમાણે જુદી જુદી વિઝા કેટેગરી બનાવીને બેઠું છે ને એચ-વન બી તેમાં એક છે. આપણા માટે આ કેટેગરી મહત્ત્વની છે કેમ કે આ કેટેગરી હેઠળ કોમ્પ્યુટર ને આઈ.ટી. ક્ષેત્રના પ્રોફેશનલ્સને અમેરિકામાં કામ કરવાના વિઝા મળે છે. આપણે અત્યાર લગી આ વિઝાનો બહુ લાભ લીધો પણ ટ્રમ્પે આવતાં વેંત જ તેમા કામ મૂકીને આપણી બજાવવાનું શરૂ કરેલું ને હવે આ નવા નિયમો બનાવીને બાકી રહી ગયેલું એ પણ પૂરું કરી નાખ્યું.

આ નવા નિયમોના કારણે ભારતને શું ફટકો પડશે અને ભારતીયોને શું નુકસાન જશે એ સમજવા જેવું છે. આ નવા નિયમોના કારણે ભારતના યુવા આઈ.ટી. ને કોમ્પ્યુટર પ્રોફેશનલ્સ માટે એચ-વન બી વિઝા મેળવવાનો રસ્તો બંધ થઈ ગયો છે એમ કહીએ તો ચાલે. અમેરિકાની સરખામણીમાં ભારતના પગારો બહુ ઓછા છે એ તો સમજ્યા પણ ચીન સહિતના દુનિયાના બીજા દેશોમાં પણ આપણા કરતાં પગારો ઊંચા છે. તેના કારણે ભારત કરતાં આ દેશોના પ્રોફેશનલ્સને વધારે તક મળશે. જે લોકો અમેરિકામાં રહીને કામ કરે છે એવા ભારતીયો સહિતના પ્રોફેશનલ્સમાંથી અમેરિકાની કંપનીઓમાં કામ કરતા હશે તેમને માટે વધારે તક હશે કેમ કે ભારતીય કંપનીઓના ક્વોટામાં જતા પ્રોફેશનલ્સને અમેરિકાની કંપનીઓની સરખામણીમાં ઓછા પગાર મળે છે. સૌથી મોટો ફટકો અમેરિકામાં ભણી રહેલા ભારતીય વિદ્યાર્થીઓને પડશે. ભારતના બે લાખ જેટલા વિદ્યાર્થીઓ અમેરિકામાં ભણે છે. તેમના માટે તો કોઈ તક જ નથી કેમ કે નવા નિયમોમાં પગારના માપદંડમાં તો એ બધા સાવ તળિયે છે.

આ નવા નિયમોના કારણે ભારતીયોને તો ફટકો પડશે પણ અમેરિકાની યુનિવર્સિટીઓને પણ ફટકો પડશે. અત્યારે અમેરિકામાં એચ-વન બી વિઝા મેળવીને ઠરીઠામ થવાની આશામાં વિદેશના હોંશિયાર વિદ્યાર્થીઓ અમેરિકા ભણવા આવે છે. ઘણાંની સ્થિતિ તો બહુ ખરાબ હોય છે છતાં મા-બાપ સારા ભવિષ્યની આશામાં પેટે પાટા બાંધીને તેમને અમેરિકા ભણવા મોકલે છે. દીકરો કે દીકરી અમેરિકામાં ભણશે તો તરત ત્યાં નોકરી મળી જશે એવો સધિયારો હોય છે. નવા નિયમોમાં તો ફ્રેશર્સ માટે તક જ નથી પછી કોઈ શું લૂમ લેવા માટે દીકરા કે દીકરીને અણેરિકા ભણવા મોકલે? આ કારણે અમેરિકાની યુનિવર્સિટીઓને પણ તાળાં વાગશે. અમેરિકાની યુનિવર્સિટીઓએ આ નવા નિયમ સામે કકળાટ કર્યો છે પણ ટ્રમ્પ કોઈને ગણકારતા જ નથી તેથી તેમની પિપૂડી કોઈ સાંભળતું નથી.

ટ્રમ્પે આ નવા નિયમો બનાવીને ફરી સાબિત કર્યું છે કે આ માણસ અવળચંડો છે ને કોઈનું ભલું થતું જોઈને રાજી થાય તેમાંનો નથી. અમેરિકન કોંગ્રેસે ટ્રમ્પ સામે જીતેલા જો બાઈડનની જીત પર મૂંજરીની મહોર મારી દીધી છે ને ૨૦ જાન્યુઆરીએ બાઈડનની તાજપોશી નક્કી કરી નાખી છે એ જોતાં ટ્રમ્પે ગણીને અઠવાડિયું અમેરિકાના પ્રમુખ તરીકે કાઢવાનું છે. આ સંજોગોમાં ટ્રમ્પે ગૌરવભેર ખસી જઈને નવી સરકાર પર બધું છોડવાનું હોય. એ નવા વિઝા નિયમો ના બનાવે તો તેના કારણે અમેરિકા ભિખારી નહોતું થઈ જવાનું. ટ્રમ્પે શાંતિથી અઠવાડિયું કાઢીને બાઈડન પર મામલો છોડવાની જરૂર હતી પણ ટ્રમ્પ સખણાં ના રહ્યા. કૂતરાની પૂંછડી વાંકી એ વાંકી એ હિસાબે ટ્રમ્પે છેલ્લે છેલ્લે પણ સળી તો કરી જ.

ટ્રમ્પે ભલે જતાં જતાં જાત બતાવી પણ હજુ એક આશા છે. આ નવા નિયમો અમલી બનતાં બનતાં માર્ચ આવી જશે ને ત્યાં લગી બાઈડન પ્રમુખ બની ગયા હશે. બાઈડનના મનમાં રામ વસે તો એ આ નિયમો બદલી શકે છે. બાઈડને ઉદાર ઈમિગ્રેશન પોલિસી અપનાવવાનું વચન આપેલું એ જોતાં તેમની પાસેથી એ આશા વધારે પડતી નથી. બલ્કે એ ઉદારતા બતાવે એ અમેરિકાના ફાયદામાં છે.

અમેરિકાએ ૧૯૫૨માં એચ-વન વિઝા શરૂ કર્યા પછી તેના જોરે અમેરિકા સાયન્સ અને ટેકનોલોજીમાં દુનિયાના આગળ પડતા દેશોમાં આવી ગયો છે. અમેરિકા સાયન્સ ટેકનોલોજીમાં પહેલેથી આગળ છે જ પણ તેની પાસે ટેકનોલોજીના ક્ષેત્રમાં કામ કરી શકે એવા કુશળ માણસોની અછત છે. આ અછત પૂરી કરવા આ વિઝા શરૂ કરાયેલા. એ જમાનામાં અમેરિકાને મિકેનિકલ, કેમિકલ, સિવિલ એન્જીનિયર્સ, આર્કિટેક્ટ, સાયન્ટિસ્ટ વગેરેની જરૂર હતી તેથી તેમને આ વિઝા અપાતા. ૧૯૭૦ના દાયકામાં ઈન્ફર્મેશન ટેકનોલોજી (આઈટી)નો યુગ શરૂ થયો પછી અમેરિકાને આઈ.ટી. નિષ્ણાતોની જરૂર પડવા માંડી તેથી એચ-વન બી કેટેગરી અલગ કરીને આઈ.ટી. સ્કીલ્ડ વર્કર્સને વિઝા આપીને પોતાને ત્યાં બોલાવવા માંડ્યા. ઈન્ટરનેટ, કોમ્પ્યુટર વગેરેના આગમનના કારણે આ જરૂરિયાત વધવા માંડી તેથી અમેરિકાએ તેમાં પોતાને અનુકૂળ આવે એવા ફેરફારો પણ કર્યા.

આ વિઝા અમેરિકા માટે ફાયદાનો સોદો છે કેમ કે તેને સસ્તા ભાવે સારા કામ કરનારા મળી રહે છે. ભારત અને ચીન જેવા જંગી વસતી ને પ્રમાણમાં ઓછી રોજગારી ધરાવતા દેશોમાં દર વર્ષે મોટા પ્રમાણમાં આઈ.ટી. એન્જીનિયર્સ ને એક્સપર્ટ્સ તૈયાર થાય છે. તેમને માટે પોતાના દેશોમાં નોકરીની ઓછી તકો હોય છે તેથી એ બધા અમેરિકા ભણી ભાગે છે ને પોતાની બુધ્ધિનો લાભ અમેરિકાને આપે છે. વિદેશીઓને ડોલરમાં પગાર મળે છે જે પોતોના દેશના ચલણમાં ફેરવો તો જંગી રકમ થાય તેથી અમેરિકનોની સરખામણીમાં વિદેશીઓને ઓછા પગાર આપવા પડે છે. અમેરિકા માટે આ ફાયદાનો સોદો છે કેમે કે અમેરિકાના પ્રમાણમાં સસ્તા ભાવે કામ કરનારા મળી રહે છે. અમેરિકામાં રહેનારા અઠવાડિયામાં પાંચ જ દિવસ કામ કરે ને વીક-એન્ડમાં ફરવા ભાગી જાય તેની સામે બહારનાં લોકો ચોટલી બાંધીને કામ કર્યા કરે. બહારના લોકો કોન્ટ્રાક્ટ પર કામ કરતા હોય તેથી તેમને અમેરિકન કર્મચારીઓ જેવા લાભ ના આપવા પડે. આ બધા ફાયદા તો અલગ ને તેના જોરે અમેરિકાએ આઈ.ટી. ક્ષેત્રે ધૂમ કમાણી કરી છે.

ટ્રમ્પને બીજા કમાણી કરી જાય એ સહન થતું નહોતું તેથી તેમણે નિયમો બદલી બદલીને બધાની મેથી મારી. બાઈડનની માનસિકતા એવી નથી ને એ અમેરિકાનાં હિતો વિશે વિચારી શકે છે એ જોતાં ટ્રમ્પના બનાવેલા નિયમોને એ બદલી નાખે એવી આશા રાખીએ. ■

## એ કાપ્યો છે...ની પતંગબાજોની કિકિયારીઓ ધીમી પડશેઃ નિયંત્રણો વચ્ચે થશે ઉત્તરાયણની ઉજવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

*અમદાવાદઃ* ગુજરાતમાં ઉત્તરાયણના પર્વની ઉજવણીની મજા જ કંઇક અનોખી છે, પરંતુ આ વર્ષે કોરોના વાઈરસ નહીં પણ સરકારી ગાઇડલાઇન અને પોલીસની કાર્યવાહીના ભય સાથે પતંગબાજોની કિકિયારીઓ ધીમી પડશે, એટલુ નહીં પણ ડી.જે. અને લાઉડ સ્પીકરો તથા વાજિંત્રો વગાડવા પર પણ પ્રતિબંધ હોવાથી અસલી મજા માણનારાં પતંગબાજો માટે થોડી ઘણી તકલીફો રહેશે. બીજી બાજુ ઉત્તરાયણની પૂર્વ સંધ્યાએ અમદાવાદ, રાજકોટ, સુરત, રાજકોટ સહિતના નગરોમાં પતંગબજારો આજે પતંગ અને દોરીની ખરીદી ઉઘડતા લોકોથી ઊભરાયાં હતા.

ઉત્તરાયણના પર્વ પહેલા ગુજરાતના વિવિધ શહેરોના બજારોમાં માહોલ જામ્યો હતો. લોકો છેલ્લી ઘડીની તૈયારીમાં લાગ્યા હતા. કોરોનાકાળમાં પણ પતંગ રસિકોમાં ઉત્સાહ યથાવત છે. પરંતુ દર વર્ષ કરતાં આ વર્ષે કોરોના ગાઇડલાઇનના કારણે લોકોમાં ક્રેઝ ઘટ્યો છે. ઉત્તરાયણ ઉજવવી કે ન ઉજવવી તેની અસમંજસમાં અનેક લોકો છે. કેટલાક લોકોએ મોડે સુધી પતંગોની ખરીદી કરી જ નહોતી. દર વર્ષની જેમ આ વર્ષે પણ અમદાવાદમાં ઉત્તરાયણના આગલા દિવસે બજારમાં ભીડ જામી હતી. પતંગ બજારમાં પતંગ રસિયાઓ ખરીદી માટે પહોંચ્યા હતા.

જોકે કેટલાક નગરોમાં પતંગ બજારમાં કોરોનાની અસર જોવા મળી હતી. બજારમાં પતંગ અને દોરી ખરીદી નહિવત થઇ હતી. દર વર્ષ કરતા આ વર્ષે અડધાથી પણ ઓછો વેપાર ધંધો થયો હોવાનું વેપારીઓનું કહેવું છે. પતંગ રસિયાઓનું પણ માનવું છે પોલીસના અનેક પ્રતિબંધને કારણે લાઉડ સ્પીકર પર પ્રતિબંધ અને ધાબા પર લોકો ભેગા નહીં થઈ શકે તેના કારણે ઉત્તરાયણનો ઉત્સાહ જોવા મળતો નથી. રાજ્ય સરકાર દ્વારા ઉતરાયણ પર્વ ઉજવવાની મંજૂરી તો અપાઈ ગઈ છે, સાથે જ આકરી ગાઈડલાઈનનું પાલન કરવાની ફરજ પાડતા લોકો છેલ્લે સુધી મૂંઝવાયેલા રહ્યાં હતા. ખાસ કરીને સોસાયટી અને એપાર્ટમેન્ટમાં રહેતા લોકોએ એકસાથે કેવી રીતે ધાબા પર ચઢવું તેની મૂંઝવણ વધારે હતી. ■

## સુરતમાં પુણેથી વેક્સિનનું વાહન આવ્યું

### કંકુ લગાવીને વેક્સિનના ટ્રકનો દરવાજો ખોલવામાં આવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

*સુરતઃ* ગુજરાતના અન્ય જિલ્લાઓમાં હવે ધીરે ધીરે કરીને વેક્સિન પહોંચી રહી છે. ત્યારે હવે સુરતમાં કોરોના રસીનો પહેલો જથ્થો પહોંચ્યો છે. સુરતને કુલ ૯૩ હજાર ૫૦૦ રસીનો ડોઝ આપવામાં આવ્યો છે. જેને દક્ષિણ ગુજરાતના અન્ય જિલ્લાઓમાં ફાળવવામાં આવશે. સુરત સિવિલ હોસ્પિટલના રિજનલ ડેપ્યુટી ડિરેક્ટર હેલ્થ એન્ડ મેડિકલ સેન્ટર ખાતે રસી લાવવામાં આવી હતી. હાલ સ્ટોરેજમાં રસી રાખવામાં આવી છે. આ સેન્ટ્રલ સ્ટોરેજથી સુરત મહાનગરપાલિકા અને પાંચ જિલ્લામાં રસી પહોંચાડવામાં આવશે. ભાજપ પ્રદેશ પ્રમુખની હાજરીમાં સુરતમાં વેક્સિનનું સ્વાગત કરવામાં આવ્યું હતું. લાલ રિબિન કાપીને સેન્ટ્રલ સ્ટોરેજમાં વેક્સિન લઈ જવામાં આવી હતી. સુરત આવી પહોંચેલા વેક્સિનના ટ્રકની સૌથી પહેલા પાલિકાના અધિકારીઓ દ્વારા પૂજા કરવામાં આવી હતી. નારિયેળ વધેરીને ટ્રકનો દરવાજો ખોલવામાં આવ્યો હતો. સુરતને કુલ ૯૩ હજાર ૫૦૦ રસીનો ડોઝ આપવામાં આવ્યો છે. અહીંથી દક્ષિણ ગુજરાતના ૨૨ સેન્ટરો પર વેક્સિન આપવામાં આવશે. જેમાં સુરત મહાનગરપાલિકાને ૪૦ હજાર ડોઝ મળશે. તો સુરત જિલ્લાને ૧૧,૫૦૦ ડોઝ આપવામાં આવશે. નવસારીને ૧૧ હજાર ડોઝ, વલસાડને ૧૫ હજાર ડોઝ, તાપીને ૭ હજાર ડોઝ અને ડાંગને ૨૫૦૦ ડોઝ આપવામાં આવશે. સુરતમાં સૌથી પહેલા ૩૦ હજાર હેલ્થ વર્કરને વેક્સિન આપવામાં આવશે.

દરમિયાન, બુધવારે સવારે કોરોના વેક્સિનનો પહેલો જથ્થો રાજકોટ પહોંચ્યો હતો. કોવિશિલ્ડના પહેલા જથ્થાની પૂજા કરી સ્વાગત કરાયું હતું. કૃષિ પ્રધાન આર.સી. ફળદુની હાજરીમાં ગીત-સંગીત, તાળીઓ અને ફૂલહારથી વેક્સિનનું સ્વાગત કરવામાં આવ્યું હતુ. રસીના બોક્સ પર બલૂન લગાવવામાં આવ્યા હતા. વેક્સિનના આગમનની આ ઘડી આનંદદાયક બની રહી હતી. રાજકોટમાં પ્રથમ તબક્કામાં ૭૭ હજાર રસીનો જથ્થો પહોંચાડવામાં આવ્યો છે. રાજકોટ શહેર અને જિલ્લામાં આ રસીની ફાળવણી થશે. ■

## પહેલા પાનાનું ચાલુ

### સુરંગ

શાકરગઢ વિસ્તારમાં પડે છે, જે ત્રાસવાદીઓના લૉન્ચપૅડ અને અડ્ડા તરીકે કુખ્યાત વિસ્તાર છે.

ટનલમાંથી મળી આવેલી પાકિસ્તાની માર્કાવાળી સૅન્ડબેગથી સાબિત થાય છે કે આ ટનલ ખોદવામાં પાકિસ્તાનના પ્રશાસન કે સેનાએ સક્રિય ભાગ લીધો હશે. અગાઉ મળી આવેલી ટનલની જેમ જ આ ટનલ પણ ૨૫થી ૩૦ મીટરની ઊંડાઇએ અને બેથી ત્રણ ફૂટના વર્તુળમાં પહોળી છે.

પાકિસ્તાનના આવા અડપલાનો જડબાતોડ જવાબ આપવા માટે બધા પ્રકારની તૈયારી ભારતીય સેનાએ કરી રાખી છે.

ટનલમાંથી મળી આવેલી સૅન્ડબેગ પર ૨૦૧૬-૧૭ના માર્કા મળી આવ્યા હોવાથી આ ટનલ જૂની હોવાનો અંદાજ બંધાયો છે, જોકે, તપાસ બાદ એ વિશે માહિતી આપી શકાશે અને તાજેતરમાં એનો ઉપયોગ ન થયો હોવાની વાત બીએસએફએ જણાવી હતી.

એમણે વધુમાં જણાવ્યું હતું કે અમે લાંબા સમયથી આ ટનલને શોધી રહ્યા હતા અને એને શોધી કાઢવાનો શ્રેય ટનલ વિરોધી અભિયાન જાય છે, જે સમગ્ર આઇબી પર ચાલી રહ્યું છે. તપાસ બાદ તાજેતરમાં એમાંથી ઘૂસણખોરી થઇ હતી કે નહીં એ જણાવી શકાશે.

ટનલ વિરોધી અભિયાન હેઠળ અમે અહીં થોડુંક વિકાસ કાર્ય કરી રહ્યા છીએ. પાકિસ્તાન હંમેશાં પોતાના ત્રાસવાદીઓને ભારતમાં ઘૂસાડવાનો પ્રયત્ન કરતુ રહે છે, પણ અમે સંપૂર્ણ રીતે તૈયાર છીએ. આ અગાઉ ટનલ દ્વારા ભારતમાં ઘૂસેલા બધા જ ત્રાસવાદી ઠાર મરાયા હતા. (પીટીઆઇ) ■

### વેક્સિન પહોંચાડાઈ

સ્વાસ્થ્ય કર્મચારીઓ અને કોરોના વૉરિયર્સને આપવામાં આવશે.

રાજ્ય સરકારે જણાવ્યું હતું કે મધ્ય પ્રદેશની રાજધાની ભોપાલમાં મુંબઇથી આવેલા કોવેક્સિનના ૯૪૦૦૦ ડોઝ નિયત સમયે પહોંચ્યા હતા. હવાઇમથકેથી ખાસ વાહનોમાં રસીનો જથ્થો નિયત કરેલા રાષ્ટ્રીય તેમજ રાજ્ય કક્ષાના સ્ટોર્સમાં પહોંચાડવામાં આવે છે. સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યા અનુસાર સિરમ ઇન્સ્ટિટ્યૂટ તરફથી બધા જ ૧.૧ કરોડ ડોઝ અને ભારત બાયોટેક પાસેથી ૫૫ લાખ ડોઝ ૧૪મી જાન્યુઆરી સુધીમાં મળી જશે. ચેન્નઇ, કરનાલ, કોલકાતા અને મુંબઇમાં આવેલા કેન્દ્ર સરકારના મુખ્ય ચાર મેડિકલ સ્ટોર્સ ડેપો ખાતે કોવિડ-૧૯ માટેની રસીના ડોઝ ભેગાં કરવામાં આવી રહ્યા છે. આ સિવાય દરેક રાજ્યમાં ઓછામાં ઓછા એક સ્થાનિક વેક્સિન સ્ટોર છે. મોટાં રાજ્યોમાં એકથી વધારે આવા સ્ટોર્સ આવેલા છે. ઝાયડસ કેડિલા, રશિયાની સ્પુટનિક વી, બાયોલોજિકલ ઇ અને જેનોવા નામની ત્રણ રસીની ભારતમાં ટ્રાયલ ચાલી રહી છે અને એ ઍડવાન્સ સ્ટેજમાં છે. આવનાર દિવસોમાં આ ત્રણેમાંથી જેની ટ્રાયલ પૂરી થશે, એ પણ સરકાર પાસે ઇમરજન્સી વપરાશ માટે પરવાનગી માટે અરજી કરશે.

અત્યાર સુધીમાં ૩,૬૨,૮૭૦ વ્યક્તિએ રસી મુકાવવા માટે પોતાના નામ નોંધાવ્યાં છે. (પીટીઆઇ) ■

### શ્રીનગરમાં ઠંડી

૯.૯ અંશ, કુપવાડામાં માઇનસ ૫.૬ અંશ સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું. જમ્મુ અને કાશ્મીરમાં અનેક સ્થળે પાણી પાઇપલાઇનમાં થીજી ગયું હતું અને તેથી પાણીનો પુરવઠો પણ ખોરવાયો હતો.

જમ્મુ - શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ બંધ થવાથી વાહનોની અવરજવર અટકી ગઇ હતી અને તેથી જીવનાવશ્યક ચીજોના ભાવમાં ઘણો જ વધારો થઇ ગયો છે. પેટ્રૉલ અને ડીઝલનું રૅશનિંગ કરાયું છે.

વાહનોનું ઈંધણ મેળવવા માટે સામાન્ય જનતાને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. (એજન્સી) ■

### પેટ્રોલ

દિવસથી થયેલા ભાવવધારાને લીધે પેટ્રૉલની કિંમત લિટર દીઠ ૪૯ પૈસા અને ડીઝલની કિંમત લિટર દીઠ ૫૧ પૈસા વધી હતી. ખનિજ તેલના આંતરરાષ્ટ્રીય ભાવમાં સતત સાતમા દિવસે પણ વધારો થતાં દેશમાં ઈંધણના ભાવ વધારવા પડ્યા હતા.

યુએસ વૅસ્ટ ટેક્સાસ ઇન્ટરમિડિએટનો ભાવ ૧.૩ ટકા વધીને બૅરલ દીઠ ૫૩.૮૮ ડૉલર થયો હતો, જ્યારે બ્રૅન્ટ ક્રૂડનો ભાવ ૭૯ સેન્ટ વધીને ૫૭.૩૭ ડૉલર રહ્યો હતો. ચીનમાંથી કોરોના વાઇરસનો રોગચાળો વિશ્વભરમાં ફેલાયો ત્યારથી ઈંધણની માગ ઘટી હતી, પરંતુ હવે માગ વધતા ફેબ્રુઆરીથી અત્યાર સુધીમાં હાલનો ભાવ સર્વોચ્ચ છે.

મુંબઈમાં અગાઉ ૨૦૧૮ની ચોથી ઑક્ટોબરે પેટ્રૉલનો ભાવ લિટર દીઠ રૂપિયા ૯૧.૩૪ થઇ ગયો હતો. (એજન્સી) ■

### ટેસ્ટ

ઈજાને કારણે ભારતની ટીમ ‘ઘાયલ’ જરૂર છે, પરંતુ શુક્રવારે શરૂ થતી ટેસ્ટમાં જો વિજય મેળવશે તો આ સ્થળે ૭૩ વર્ષના ભારતના ઇતિહાસમાં એ પહેલી જ જીત કહેવાશે. છેલ્લે અહીં ડિસેમ્બર, ૨૦૧૪માં મહેન્દ્રસિંહ ધોનીના સુકાનમાં ભારતીય ટીમ સ્ટીવ સ્મિથ ઍન્ડ કંપની સામેની ટેસ્ટ ખુદ સ્મિથના પર્ફોર્મન્સને લીધે ૪ વિકેટે હારી ગઈ હતી. આ વખતે ધોની તો નથી અને તેનો અનુગામી સુકાની વિરાટ કોહલી પણ ગેરહાજર છે, પરંતુ ટિમ પેઇનની ટીમમાં સ્ટીવ સ્મિથ છે એટલે તેને ભારતીય બોલરોએ કાબૂમાં રાખવો જ પડશે.

દરમિયાન, ઈજાઓથી ઘવાયેલી ભારતીય ટીમે બુધવારે અહીં પ્રૅક્ટિસ કરી હતી. બુમરાહ પેડુંના સ્નાયુઓના દુખાવાને કારણે આ છેલ્લી ટેસ્ટમાં નથી રમવાનો. પ્રૅક્ટિસ સેશનમાં પેસ બોલરો શાર્દુલ ઠાકુર અને ટી. નટરાજન તેમ જ સ્પિનરો કુલદીપ યાદવ તથા વૉશિંગ્ટન સુંદર પર સૌ કોઈનું ધ્યાન હતું. દરમિયાન, બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)ના દબાણથી ઑસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડે બુધવારે બ્રિસ્બેનની હોટેલમાં ભારતીય ખેલાડીઓને ફૂડ-એનર્જી ડ્રિન્ક્સ, જિમ્નેશ્યમ અને સ્વિમિંગ પૂલ સહિતની પાયાની સગવડો સમયસર મળી રહે એની ખાસ તકેદારી રાખવાની શરૂઆત કરી હતી. યજમાન બોર્ડે ભારતીય ખેલાડીઓ પરના નિયંત્રણો પણ હળવા કરવાનું શરૂ કરી દીધું હતું. ■

### કૉંગ્રેસને વાંધો

આક્ષેપ કરતા કૉંગ્રેસના પ્રવક્તા અને શ્રી આનંદપુર સાહિબના સંસદસભ્ય મનીષ તિવારીએ કહ્યું હતું કે અત્યારે રસીનો માત્ર તાકીદના કિસ્સામાં દ્વિતીય વિકલ્પ તરીકે ઉપયોગ થવો જોઈએ.

દરમિયાન, કેન્દ્રીય આરોગ્ય સચિવ રાજેશ ભૂષણે બુધવારે જાહેર કર્યું હતું કે ભારતીયોને રસીની બાબતમાં તાબડતોબ વિકલ્પ ઉપલબ્ધ નહીં બને.

તિવારીએ બુધવારે સમાચાર સંસ્થા એએનઆઇને કહ્યું હતું કે ‘હવે સરકાર કહે છે કે રસી લેનારને પોતાની રીતે રસીની પસંદગી કરવા નહીં મળે. કોવેક્સિનની ત્રીજા તબક્કાની ટ્રાયલ પૂરી નથી થઈ તો પછી એની ક્ષમતા બાબતમાં ઘણી ચિંતા ઉપજે છે. રસીકરણની પ્રક્રિયાને ત્રીજા તબક્કાની ટ્રાયલ તરીકે ન ગણાવી શકાય. ભારતીયો કંઈ પ્રયોગ માટે થોડા છે? હજી મંગળવાર સુધી એનડીએ/ભાજપ એવો દાવો કરતા હતા કે કોવેક્સિનને તાકીદના ઉપયોગ માટે મંજૂર કરાઈ છે.’

૧૧મી જાન્યુઆરીએ તિવારીએ સવાલ ઉપસ્થિત કર્યા હતા કે ‘જો ભારત બાયોટેકની વેક્સિન માનવ વપરાશ માટે સલામત છે કે નહીં? રસી કેટલી સુરક્ષિત અને સક્ષમ છે એ બાબતમાં સરકાર કોઈ ગૅરન્ટી આપી શકે છે ખરી?’ (એજન્સી) ■

### ઝેરી દારૂ

શરાબ પીને અગાઉ મોરેના ગામના ૧૪ જણનાં મોત થયાં હતાં અને હવે વધુ છ જણ મરણ પામ્યા છે. આ સિવાય, ૨૧ જણની સારવાર મોરેના અને ગ્વાલિયરમાં ચાલી રહી છે.

મોરેનાના ડૉ. આર. સી. બાંડીલે જણાવ્યું હતું કે પ્રાથમિક તપાસમાં વધુ પડતો શરાબ પીવાને કારણે અગત્યના અવયવો કામ કરતા બંધ થયા હોવાથી આ લોકો મરણ પામ્યા હોવાની વાત જાણવા મળી છે, પણ શરાબમાં ક્યું ઝેર મેળવવામાં આવ્યું હતું, એ બાબતની જાણ તો ફોરેન્સિક સાયન્સ લૅબનો રિપોર્ટ આવ્યા બાદ જ જાણવા મળશે. (પીટીઆઇ) ■

### કર્ણાટક પ્રધાનમંડળ

પ્રધાન બી. એસ. યેદિયુરપ્પા, ભારતીય જનતા પક્ષ (ભાજપ)ના નેતાઓ અને હોદ્દેદારો - કર્ણાટક એકમના મહામંત્રી અરુણ સિંહ, પક્ષના રાજ્ય એકમના પ્રમુખ નલિનકુમાર કટીલ, રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓ તેમ જ નવા પ્રધાનોના ટેકેદારો હાજર રહ્યા હતા. (એજન્સી) ■

### પેન્સનો ઈન્કાર

ટ્રમ્પને પ્રમુખપદેથી દૂર કરવા માટે કૅબિનૅટની બેઠક બોલાવવા માટે પેન્સ પર દબાણ કરી રહ્યા છે.

પેન્સે પત્રમાં જણાવ્યું હતું કે ડોનલ્ડ ટ્રમ્પની પ્રમુખપદની મુદત પૂરી થવાને હવે આઠ જેટલા જ દિવસ બાકી છે ત્યારે ગૃહના સ્પીકર અને ડેમૉક્રેટિક પક્ષના સભ્યો પ્રમુખને હોદ્દા પરથી દૂર કરવા માટે કૅબિનૅટની બેઠક બોલાવવાની જે માગણી કરી રહ્યા છો એ અયોગ્ય છે તેમ જ દેશના હિતમાં નથી. (એજન્સી) ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ શિશિરઋતુ),

ગુરુવાર, તા. ૧૪-૧-૨૦૨૧, મકરસંક્રાન્તિ

ભારતીય દિનાંક ૨૪ માહે પૌષ, શકે ૧૯૪૨ ● વિક્રમ સંવત ૨૦૭૭, શા. શકે ૧૯૪૨, પૌષ, સુદ-૧ ● જૈન વીર સંવત ૨૫૪૭, માહે પૌષ, તિથિ સુદ-૧ ● પારસી શહેનશાહી રોજ ૨જો બેહમન, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૦ ● પારસી કદમી રોજ ૨જો બેહમન, માહે ૭મો મેહેર, સને ૧૩૯૦ ● પારસી ફસલી રોજ ૩૦મો અનેરાન, માહે ૧૦મો દએ, સને ૧૩૮૯ મુસ્લિમ રોજ ૩૦મો, માહે ૫મો જમાદીલ અવ્વલ, સને ૧૪૪૨ ● મીસરી રોજ ૧લો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૨

નક્ષત્રઃ શ્રવણ મધ્યરાત્રિ પછી ક. ૨૯-૦૩ સુધી, પછી ઘનિષ્ઠા. ● ચંદ્રઃ મકરમાં, ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ) ● સૂર્યોદયઃ મુંબઈ ક.૦૭ મિ.૧૬, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૪ સ્ટા.ટા. ● સૂર્યાસ્તઃ મુંબઈ ક.૧૮ મિ. ૧૯, અમદાવાદ ક.૧૮ મિ. ૧૩ સ્ટા. ટા.

-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટઃ-

ભરતી : બપોરે ક. ૧૨-૪૧, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૨૯ (તા. ૧૫) ● ઓટઃ સવારે ક. ૦૭-૦૨, સાંજે ક. ૧૮-૪૧

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૭૭, ‘પરિધાવી’ નામ સંવત્સર, શાલિવાહન શક ૧૯૪૨, ‘શાર્વરી’ નામ સંવત્સર. પૌષ શુક્લ - પ્રતિપદા. પૌષ શુક્લ પક્ષ પ્રારંભ, ચંદ્રદર્શન, મુહૂર્ત ૩૦. ઉત્તર શૃંગોન્નતિ ૨૫ ડિગ્રી, મકર સંક્રાંતિ પર્વ, મકરાદિ સ્નાન, સૂર્ય મકરમાં પ્રવેશ સવારે ક. ૦૮-૧૬. મુહૂર્ત ૩૦ મકર સંક્રાંતિ પુણ્યકાળ સવારે ક. ૮-૧૬ થી સાંજે ૧૬-૧૬. તૈલ સંક્રાંતિ (માઘબિહુ આસામ), પોંગલ (દક્ષિણ ભારત), થૈ પોંગલ (કેરાલા), હર્ષલ માર્ગી થાય છે. શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.મુહૂર્ત વિશેષઃ પૌષ માસ સંક્ષિપ્તઃ પૌષ માસમાં શુક્લ પક્ષમાં દિવસ-૧૫,તિથિની ક્ષય વૃદ્ધિ નથી. કૃષ્ણપક્ષમાં દિવસ-૧૪ એમ કુલ ૨૯ દિવસનો આ માસ છે. કૃષ્ણપક્ષમાં દશમ તિથિનો ક્ષય થાય છે. આ માસમાં પૂનમનું ચંદ્રગ્રહણ, અમાસનું સૂર્યગ્રહણ થતું નથી. તા. ૧૯ જાન્યુ.થી ૧૧ ફેબ્રુ. ગુરુનો અસ્ત રહે છે. પ્રારંભે શનિનો અસ્તનો રહે છે. તા. ૮મી ફેબ્રુ.એ શનિનો ઉદય થાય છે. પૌષ માસમાં મુખ્ય પર્વ મકર સંક્રાંતિ તા. ૧૪મી, પુત્રદા એકાદશી તા. ૨૪, શાકંભરી નવરાત્રિ તા. ૨૧ થી ૨૮, શાકંભરી પૂર્ણિમા, પૌષી પૂનમ તા. ૨૮, ષટ્તિલા એકાદશી (ભાગવત) તા. ૮, સ્માર્ત એકાદશી તા. ૭. આ માસમાં પાંચ ગુરુવાર આવે છે. ચંદ્રદર્શન તા. ૧૪મી ગુરુવારે થાય છે. ચંદ્રનું ઉત્તર શૃંગ ઊંચું રહે છે. પૌષ માસ એકંદરે સારો જાય. કપાસ, રસકસ ધોળી વસ્તુના ભાવ વધે. આજ રોજ જે સ્થળે વાદળા કે વીજળી દેખાય ત્યાં અનાજ વધુ પાકશે. આગામી વરસાદ સારો થશે.મકર સંક્રાંતિઃ મકર સંક્રાંતિ પુણ્યકાળ સવારે ક. ૦૮-૧૩થી સાંજે ક.૧૬-૧૬માં તીર્થમાં પર્વ સ્નાન, પ્રાયશ્ચિત સ્નાન, ત્રિપીંડી શ્રાદ્ધ, તીર્થશ્રાદ્ધ,પિતૃ પુજા, સૂર્ય- વિષ્ણુ-શિવપૂજા, જપ-તપ-જાપ, તલથી સ્નાન, તલ-ગોળની ચિકીમાં ગુપ્તદાનનો મહિમા, ગાયમાતાનું પૂજન, ગાયને ચારો તથા સાત ધાન્યનો ખીચડો ખવડાવવો, ગોદાન, ઘોડો, નવા વાસણો, વસ્ત્રો, અનાજ, તલ, ગોળ, સુવર્ણનાં દાન, બ્રાહ્મણને દાન દેવું. મકર સંક્રમણ ફળ સ્વરૂપે ગોળ, ખાંડ, સાકર, ઘી, તેલ, રૂ વગેરેમાં તેજી તથા અનાજમાં મંદી આવે, બારદાનમાં મંદી. સોનુ, ચાંદી શેરમાં મંદી શક્ય છે. જૈન તિથિ નોંધઃ અન્યત્ર પૌષ સુદ-૨,આચમનઃ ચંદ્ર-ગુરુ યુતિ પ્રામાણિક, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ સ્વભાવની અનિશ્ચિતતા, ચંદ્ર-બુધ યુતિ ચપળ મન, ચંદ્ર-રાહુ ત્રિકોણ જવાબદારીવાળું સ્થાન ભોગવે.ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ યુતિ, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ, ચંદ્ર-બુધ યુતિ, ચંદ્ર-રાહુ ત્રિકોણ (તા. ૧૫).સુદ પ્રતિપદાનો ચંદ્રોદયઃ સવારે ક. ૦૮-૧૩, સુદ દ્વિતીયાનો ચંદ્રાસ્ત રાત્રે ક. ૧૯-૩૪,ગ્રહ ગોચરઃ સૂર્ય-ધનુ/મકર, મંગળ-મેષ, બુધ-મકર, ગુરુ-મકર, શુક્ર-ધનુ, શનિ-મકર, રાહુ-વૃષભ, કેતુ-વૃશ્ચિક, વક્રી હર્ષલ-મેષ, માર્ગી નેપચ્યુન-કુંભ, માર્ગી પ્લુટો-મકર

## રાશિ કહે છે...

॥ શુભમ્ ભવતુ ॥

રાજેન મહેતા
rajen.mehta@bombaysamachar.com

ગુરુવાર, તા. ૧૪-૧-૨૦૨૧

- મેષ (અ. લ. ઈ.): આજે ધનારક પૂરા થયા, મકરસંક્રાંતિ છે. તમારા કામકાજની રૂપરેખા બનાવશો. દરેક કાર્ય સુલટાવશો.
- વૃષભ (બ. વ. ઉ.): આજે ધનારક પૂરા થયા, મકરસંક્રાંતિ છે. તમારા કામકાજની ચિંતાને કારણે સ્વાસ્થ્ય નબળું બને.
- મિથુન (ક. છ. ઘ.): આજે ધનારક પૂરા થયા, મકરસંક્રાંતિ છે. તમારી ધીરજ ખુટી જાય તેવી સ્થિતિ સર્જાય. ચિંતા વધે.
- કર્ક (ડ. હ.): આજે ધનારક પૂરા થયા મકરસંક્રાંતિ છે. તમારું મનગમતું કાર્ય સામેથી આવતા મન પ્રફુલ્લિત રહે.
- સિંહ (મ. ટ.): આજે ધનારક પૂરા થયા, મકરસંક્રાંતિ છે. તમારી સામે ઊભા થયેલા પડકારનો હિંમતથી સામનો કરો.
- કન્યા (પ. ઠ. ણ.): આજે ધનારક પૂરા થયા, મકરસંક્રાંતિ છે. તમારી સમસ્યાનો ઉકેલ ન મળતા અટવાયેલા રહો.
- તુલા (ર. ત.): આજે ધનારક પૂરા થયા, મકરસંક્રાંતિ છે. તમે જવાબદારીના બોજા હેઠળ દબાયેલા રહો. ચિંતા રહે.
- વૃશ્ચિક (ન. ય.): આજે ધનારક પૂરા થયા, મકરસંક્રાંતિ છે. તમારા રૂટિન કાર્ય સાથે નફાકારક નવા ઓર્ડર મેળવો.
- ધનુ (ભ. ફ. ધ. ઢ.): આજે ધનારક પૂરા થયા, મકરસંક્રાંતિ છે. તમારા કામકાજમાં અનિયમિતતા સર્જાતા ખોટા ખર્ચા થાય.
- મકર (ખ. જ.): આજે ધનારક પૂરા થયા, મકરસંક્રાંતિ છે. તમારા કામકાજની સ્થિતિ તમારા પક્ષમાં લાવી નફો વધારો.
- કુંભ (ગ. સ. ષ. શ.): આજે ધનારક પૂરા થયા, મકરસંક્રાંતિ છે. તમારો પૂર્વગ્રહભર્યો સ્વભાવ મુશ્કેલી સર્જે.
- મીન (દ. ચ. ઝ. થ.): આજે ધનારક પૂરા થયા, મકરસંક્રાંતિ છે. તમને તાત્કાલિક આર્થિક લાભ મળે તેવું કાર્ય થાય.